સં. ૧૯૮૦. આવૃત્તિ પહેલી. પ્રત ૪૦૦૦.

સોળ વરસની સતી
અને
નવ વર્ષનો પતિ

ભાગ ૭-૮

લેખક—શ્રીયુત કવિ

જેઠાભાઈ ભગવાનદાસ કઠલાલકર

પાસેથી સર્વ હક વેચાતુ લેઇ

છપાવી પ્રસિદ્ધ કરનાર,

બુકસેલર જદુલાલ નારણદાસ ચોકસી.

મુ. નડીઆદ.

કિંમત રૂા. ૦-૨-૬

આ પુસ્તક મળવાના મુખ્ય ઠેકાણાં.

મણીલાલ મોહનલાલ માતરીયા,
નડીઆદ.

જદુલાલ નારણદાસ બુકસેલર,
નડીઆદ.

સાકરલાલ બુલાખીદાસ બુકસેલર,
(રીચીરોડ) અમદાવાદ.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર
(ત્રણ દરવાજા) અમદાવાદ.

હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલર
(પાનકોરનાકા) અમદાવાદ.

અને એ સિવાય જાણીતા તમામ વેપારીઓ પાસેથી મળી શકશે.

સોળ વરસની સતી

અને

નવ વર્ષનો પતિ

ભાગ ૭–૮

(રાગ–બારમાસી)

પીયુ કસરી પડયો છે સુતાં ખાટમાં રડયો છે
નવ ઇલાજ જડયો છે વિધી લેખથી નડયો છે ૧

ગઇ રજની એ ચાલી ના કંઇ કહ્યું વ્હાલી
કર્યો શ્રમ અતિશે ખાલી ના કંથે બાંય ઝાલી ૨

કર્યો શ્રમ અતિશે અંતે તો જાણ્યું રાત અંતે
પડયું તત્વ પીયુ પંથે નીર્માલ્ય નાથ અંગે ૩

હાયે હવે શું કરવું સુઝાઇ મારે મરવું
આ દુખ દીલ ધરવું ભવ પાર કયાં ઉતરવું ૪

છે નાથ વ્યંઢળ જેવા ના પામુ કાંઇ સેવા
નીરખ્યાં છે દુખ દેવા શી આશે કરૂ સેવા ૫

પતિ બાળ સાથ હરખે પરણીતી સોળ વરસે
જાણ્યુંતું કાંઇ વળશે કે દીન કામ સરશે ૬

પણ આશ એજ ઉડી થઇ સોપારી વચ્ચે સુડી
હું ફુટાઇ રાંડ ભુંડી થઇ રોવું પડશે લુંડી ૭

જુવાની મારી જાતી મુઝાય મારી છાતી
હું રાંડી હોત આથી તો લ્હાય આ સમાતી ૮

પતિ વીસ વર્ષ પુરાં ન માહારા અધુરાં
ના ઘર હજીય માંડયું સંસાર સુખ છાંડયું ૯

મુજ જેવડી જે સખીઓ પરણીતી સાથ બધીઓ
વળી સાસરીએ સાથે ગઇની નાથ પાસે ૧૦

તે માડી ઘર બેઠી વ્યવહાર માંહિ પેઠી
રમે બાળ તેની ગોદે ઝુલાવે ગીત ગાતે ૧૧

પતિ ભુજ પાસ પ્રેમે લુંટી મઝા તે રેને
પતિ પ્રેમ પુર જેને ન દુઃખ કાંઇ તેને ૧૨

રે હાય સુખ મારૂ તે સાથે સરખાવું
જમી આભને જે છેટુ તેવું છે સુખ છેટું ૧૩

હું થઈતી પ્રેમ ઘેલી આ જીંદગીમાં પેલી
પતિ પારણે ત્યાં ઝુલે ગયો પ્રેમ એ અમુલે ૧૪

પતિ વિચર્યા વિદેશે ગયા તે બાળે વેશે
હું રહી ઓશીઆળી રહીતી આશ ધારી ૧૫

મુજ પતિ જ્યરે આવે તવ સુખ પાછું લાવે
ઇતિ ધારણા એ મોટી પડી સહુ તે ખોટી ૧૬

કર્તા—સંભાળી દુખ જુનાં આંસુ આવીઆં છે ઉનાં
રડે સતી તો છાની જોઇ કંથની નાદાની ૧૭

સતી ધરાઇ રોઇ ના છાની રાખે કોઇ
પીયુ પાસમાં સુતો છે રહ્યો એકી ટસે જોઇ ૧૮

સતી રડનાં નિહાળી દ્રવ્યું તેનુ દીલ ભાળી
રહ્યો આંસુ નવ ખાળી રડી આંસુ ધારા ચાલી ૧૯

સતી—ઇતિ શાંત થઇ પૂછે છે પતિ આપને આ શું છે
શા કારણે રડો આ શા કારણે બળો છો ૨૦

હું અભાગી પુરી તમોને શીદ ઝુરી
કાતીલ બનીને છુરી આજે થઇ હું શુળી ૨૧

હું નાથ મારૂ માગી રહી છું જુવો જાગી
હુ નાર નીરભાગી ના આમ દોને ત્યાગી ૨૨

માતાજી તમ જાણે રૂદન થતાં આ ટાણે
ફજેતી મારી થાયે ઇજત બધીએ જાએ ૨૩

માટે રહોને છાના જો હો પતિજી દાના
કારણ બતાવો આના રડો હો અમ શાના ૨૪

પતિ— પતિ રહીને બોલ્યા પટ અંતરથી ખોલ્યા
ઓ સુણ સતી તું નારી ન હોય ભુલ તારી ૨૫

મુજ સાથે સ્નેહે પરણી શી વાત કહું વરણી
હતી મુજ ઉમર નાની હતી છેક તો નાહાની ૨૬

એ કાળ માંહી તુને ના સુખ કાંઇ દીધું
રમી બાળની સંગાથે યોવન અકાજ કીધું ૨૭

માતઃ પીતાએ તેવે વખત વિચારી કીધું
સમજ્યા વિના એ સીધુ જવા વિદેશ કીધું ૨૮

ત્યાં દેહ મારી સુધરે માતા પીતા એ ધારે
થયું ઉલટું ત્યાં મારે બધા બુરા વિચારે ૨૯

ગયો વિદેશ પહેલો જોઈ થયો હું ઘેલો
હતો પાસ પૈસો પુરો મુજ તાતે દીધેલો ૩૦

ખરચ્યો ઘણોય શોખે બધો વગર મોખે
ચઢયો વ્યસને હું પુરો ન રહ્યો હું અધુરો ૩૧

થયો હું આનો રસીઓ હોટલ માંહી ધસીઓ
થયો શોખ શીગારેટે ના રાખતો હું છેટે ૩૨

મોજ નિશીએ ભમીને રોજ કેરૂ જમીને
મુજ હોજરી આ ફુલી ગયો શોખમાં હું ફુલી ૩૩

થયો બીસ્કીનો શોખી બધો આધાર નાખી
બન્યો ‘ચેનમાં હું ઘેરો ફીકો પડયો છે ચ્હેરો ૩૪

છતાંય ટાપ ટીપે રહે તો કાંઇ બીકે
થઇતી ઉમર મારી આવીતી સમજણ સારી ૩૫

મીત્રો તણી મીટીંગે ચર્ચાય વાત રંગે
વિષય તણીતો વાતો કરી વિતાય રાતો ૩૬

દોરાયું લક્ષ તેમાં માનીને સુખ એમાં
વીતાવું દીન ત્રેમાં લલનાની પુરી લ્હેમાં ૩૭

મીત્રોએ દુઃખ જાણી લીધો મુનેય તાણી
વેશ્યા ગૃહો બતાવી મને દીધો લોભાવી ૩૮

હું રોજ ત્યાંય જાતો વિલાશે થાતો તાતો
સુણી મધુરી વાતો હું રોજ ત્યાં ધવાતો ૩૯

કંઈ કાળ એમ કાઢયો અતિશે મોજ માણી
જીવન થતું એ જાણી પછીથી ધુળ ધાણી ૪૦

ઉમર હજુય કાચી કરી ગમારી સાચી
નિસ્તેજ મુખ મારૂ થયું છે રોગે કાળું ૪૧

ફીકાશ દેહ મારે ન શકિત રહી લગારે
અંગ વ્યાધિથી છવાયું અન ના જરા ખવાયું ૪૨

ગળે વ્યસન પડીઆં આ દેહ સાથે જડીઆં
ભવ સુખ બધાં ટળીઆં કમ ભાગ્ય મારાં ઘડીઆં ૪૩

કંટાળ્યો દુખ જેથી હું આવ્યો અહિં તેથી
અહિંઆં થઇ ફુજેતી તજ આશ તું હવેથી ૪૪

તું આશ જેની રાખે તે સુખ તું ન ચાખે
નિર્માલ્ય દેહ મારી એ કહું સતી વિચારી ૪૫

હું ધારી બેઠો એવું હવે નહિ હું જીવું
હું ક્ષય થકી પીડાઉં તો શક્તિ કયાંથી લાવું ૪૬

જીવન સલુણી તારૂં કરી મૂકયું અકારૂં
મેં ખોળ્યું નકં બારૂ દુખી જીવન તારૂ ૪૭

રે હાલ દુખ તારૂ જોઇને દીલ મારૂ
રડી રહ્યું છે આજે સલુણી તુજ કાજે ૪૮

કર્તા—પતિનું દુખ જાણી સતી મુંઝાણી શાણી
વિચારી વદી વાણી પતીની વાત જાણી ૪૯

સતી—ઓ નાથ મારા પ્યારા કાલે થશોજી સારા
દીન આવશે ઉજાળા તજો ઉચાટ પ્યારા ૫૦

દાસી તમારી હું તો હાજર હજુર છું તો
ન દુખ હવેથી આપુ ન નાથજી સંતાપુ ૫૧

પોઢોને પીયુ મારા જી આવને સુખારા
આ વાયુ ઢોળે દારા કોકીલ કંથ મારા ૫૨

કર્તા—પતિને ઉંઘ આવી સતિ વિચારે ભાવી
સતી—વિચાર ઉર લાવી દશા અરે શી આવી ૫૩

પતિ વ્યશન પુરાં એકે નહિ અધુરાં
આ તેથી બંઠયાં મૂળાં કરમાયાં કુલ ફુલાં ૫૪

અરે ખરીજ બીડી વળી તે નકં સીડી
તે બંધને દે બીડી હરામ એવી બીડી ૫૫

બીડી દીવાના પીતા ન પાપથી એ બીતા
ચઢાવે ચીત ચાળે નખોદ કંઇક વાળે ૫૬

લાખોની લાળ ચાટે બીડી પીવાને માટે
ભટકાય હાટ હાટે બીડી પીવાને માટે ૫૭

ગંધાય શ્વાસ એવો સંડાસ દ્વાર જેવો
વળી કાળજું બાળાવે ખરે ક્ષયથી પીડાવે ૫૮

અંતે મોત બીડી આણે સમજુ તે જોઇ જાણે
મીથ્યા મૂરખ તાણે બીડીથી મોજ માણે ૫૯

બળ્યો ચા તણોય ચસ્કો મુખેથી લાગે મસ્કો
જીવન ખુવાર થાતું એવી અભાગી ચા તું ૬૦

લોહી માંસને તું બાળી બનાવે દેહ કાળી
બહેર ઉકાળે જેવી અંદર જલાવે તેવી ૬૧

ઘણા પીઆક તારા તણી રડે છે દારા
નરો વ્યંઢળ જેવા કરે છે તુજ સેવા ૬૨

ઘણા પીઆક તારા થઇ વાઝીઆ રૂપાળા
ફૂલ્લડ ફરે તે સારા હરદમ તને પીનારા ૬૩

ઘણા પીઆક તારા ગયા તજી સંસારા
ઉગતી જુવાની ચાલ્યા એ નર્ક પંથ ઝાલ્યા ૬૪

માટે તજે જે ચાને ભવ તરે એ બ્હાને
નહિ તો નખોદ કાઢે જો જો તે ઘોળે દહાડે ૬૫

દારૂ દિવાના પીતા નહિ ધર્મથી એ બીતા
સોગંદ જુઠા એ ખાતા ઉપાડતા એ ગીતા ૬૬

વિપરીત બુદ્ધિ થાતી દારૂની સેવનાથી
થતો નર્કનો એ સાથી દારૂની સેવનાથી ૬૭

દારૂથી ફાગ બોલે નરક દ્વાર ખોલે
ગણાય શ્વાન તોલે લોકો ભુંડાઈ બોલે ૬૮

ઈજ્જત કાંકરા એ થાતા ગાંઠેથી ગર્થ જાતાં
અંતે ખરાબ થાતા દેહ દંદમાં પીડાતા ૬૯

બધાં વ્યસન એવાં સમજુ એ છોડી દેવાં
આ દુખ મારે આવ્યું એ વ્યસને સરજાવ્યું ૭૦

ધીક્કાર દારૂ બીડી ધીક્કાર ચા તું ભુંડી
ધીક્કાર પેદા કરતા ધીક્કાર સેવનારા ૭૧

અબળાની આશ તુટે એ પાપ તમ પુંઠે
સૌભાગ્ય મારૂ લુંટે એ પાપ તુમ પુંઠે ૭૨

ધીક્કાર એમ દેતી ફીટકાર મુખ કહેતી
સતી ગઇ છે ઉંઘી મુખેથી શ્રાપ દેતી ૭૩

અધુરી રાત વીતી સાસુએ આગ દીધી
સાસુ—હજુએ રાંડ ઉંઘે ના કામ કંઇ સુઝે ૭૪

કર્તા—ઝબકીને સતી જાગી સાસુની બીક લાગી
નીસાસા નાખી ઉઠી કામે જઈને લાગી ૭૫

સાસુ—સતીને સાસુ કહેતી મુખેથી ગાળ દેતી
હવે નથી હુલેતી કરીને કામ તેથી ૭૬

તું ખાઇ રાંડ ફાટી દેખાય રાંડ ઘાટી
છે પુત્ર મુજ નાનો વેશ્યા તમેય માનો ૭૭

તું આંખ કાળ જેવી સાક્ષાત કાળી જેવી
તે જોઈ પુત્ર બ્હીતો નથીય ખાતો પીતો ૭૮

રાંડ વંતરી તું પુરી બધાય કરમે સુરી
મુજ છોકરાને સુળી સમી તું રાંડ બુરી ૭૯

માટે નીચુજ ન્યાળી તું ચાલજે હત્યારી
નહિ તો દશા તારી બુરી થવાની ભારી ૮૦

કર્તા—સતીને એમ સારે નીત સાંજને સવારે
કહેતી ઘરે ને બારે વદે તે સાથ ગાળે ૮૧

સતિ આંસુડાં નિગાળે ચઢે તે કોણ વારે
સામો શબ્દ જો ઉચારે તો માર કંઈક મારે ૮૨

સતિના એમ જાતા દીનો બધાય દુખના
કંકાસના પ્રતાપે ઉડયા ઉલાસ મુખના ૮૩

સાસુના આમ તાપે સતિ તો રોજ ત્રાસે
વળી થતી નિરાશે પતિની જાય પાસે ૮૪

સસરોય દુખ દે છે મુખેથી ગાળ દે છે
નણંદી ચોટી લે છે હમેશ ત્રાસ દે છે ૮૫

ના એકે કામ કરવા સતીને સાસરીમાં
હજુ ન હામ હારે વિશ્વાસ છે હરીમાં ૮૬
કરતાજ લોક ચેષ્ટા સતી જ્યાં બહાર જાએ
ફટકેલ ટોળી મ.હે સતીની વાત થાએ ૮૭
વ્યભિચારી ધાની તેને લપટ પુરૂષ ફરતા
છળવા સતીને છળથી વિચ.ર કાંઈ કરતા ૮૮
જોખમ ભરેલી રીતે સતી રહે।ી બીતે
બળવાન્ શત્રુ ઘરમાં અબળા એ ત્યાં શું જીતે ૮૯
અહિઆં પતિની સ્થીતી ગંભીર ઘણીય થાતી
શક્તિ હવેય જાતી અશક્તિ ઉભરાતી ૯૦
લાલી ગુલાબી મુખની પ્રતિદિનેજ ઉડતી
અશક્તિ અંગે આવી કતિજ ફીકી પડતી ૯૧
સતિનો સાસુ સસરો ચીંતા કરે છે સુતની
કરાવે દોરા ધાગા બાધા કરાવે ભુતની ૯૨
એકે ન ટેકી લાગે ના દુખ એથી ભાગે
ઉલટું વધારે લાગે ના દુખ એથી માગે ૯૩
બોલાવ્યા જોશી જતીઓ બતાવી ગૃહ દશાઓ
જોશી બતાવે એવું ગૃહ જાપને જપાવો ૯૪
જોશી જપે છે જાપો જેથી કપાય પાપો
જુવા ઘણાય જુવે હંમેશ બેસી ખુવે ૯૫

આવી અનેક રીતે ખરચ્યું ઘણુંય નાણું
ના પુત્ર સાજો થાયે ના સુધર્યું એ ટાણું ૯૬

વૈદ્યો બોલાવ્યા ઝાઝા પરગામ ગામ કેરા
બતાવી નાડી સુતની જમાવ્યા વૈદ્યે ડેરા ૯૭

માત્રા વિવિધ જાતી એ દર્દમાં અપાતી
છે લોહ બંગ કેરી અબરખ તામ્ર કેરી ૯૮

સાકર શીરા તે ઉપરે કઢવેલ દૂધ પાએ
ન ટેકી તોય લાગે સાજો ન પુત્ર થાએ ૯૯

પછી ડાકટરો બોલાવ્યા એમ, બી, બી, એસ થયેલા
એલેમ, એન્ડ એસે, જે પાસ તો થયેલા ૧૦૦

છે શીર હૅટ શોભે ચશ્માં નયન ઓપે
ઓળખાય સૌથી પેલા વળી સ્ટેથોસ્કોપે ૧૦૧

ભરી ડોઝ વીસ્કી પાએ વાઇન દેસી ઝાઝો
દવા વિદેશી બીજી ભર્યો બાટલો મઝાનો ૧૦૨

પણ તે પીવાડી થાકય. ના ફેર કાંઇ લાગ્યો.
સતી તણુાય દુખનો દીવસ આવી લાગ્યો ૧૦૩

એકે ન ટેક લાગી સાસુ સસરાની
સતીને માથે ધારી ચઢાવ્યું આળ જાણી ૧૦૪

સાસુ—સાસુ કહે સતીને ઓ રાંડ ફાટી હાવે
તું ડાકણી છે પુરી તુજ ગુણ એ ઓહાવે ૧૦૫

મુજ પુત્ર બાળો ભોળો લઈ ખપ્પર તેં ખાધો
નૃથા અમારો આજે મનખો કીધોય બાધો ૧૦૬

જો પુત્ર મારો મરશે તો તારે મરવું પડશે
એ જાણુજે તું સાચું તું મોત છેજ કાચું ૧૦૭

કર્તા—સતી સાંભળી રડે છે વીધી લેખથી નડે છે
ઉત્તર કાંઇ ના જડે છે ખુણે બેસીને રડે છે ૧૦૮

સતીના દીન જાતા કહાપા રોજ થાતા
ન આપતું કો સાતા વદે છે શબ્દ તાતા ૧૦૯

એક દીન સાધુ આવ્યો ભીક્ષાન્નદેહી કરતો
સતી પતિને જોઈ ઉચાટ દીલ કરતો ૧૧૦

શોકે છવાયું મુખડું સતી પત્નીના દુખથી
નીરખે જોનાર એવું કીધું છે મુખ દુખથી ૧૧૧

સસરો—પૂછે સતીનો સસરો મહારાજ કેમ લાગ્યું
વિલાયું મુખ સાથી શું દુખ આંહિ જાગ્યું ૧૧૨

બાવો—બાવો ઉઠયો ત્યાં બોલી વળી તે દીલ ખોલી
શું શેઠજી જુવો છો તમ પુત્ર ખાય ફોલી ૧૧૩

તમ પુત્રને કો ડાકણ વળગી છે શેઠ બારે
તેથીજ મૃત્યુ આનું હું દેખતો અત્યારે ૧૧૪

શેઠ—તવ શેઠજી ત્યાં બોલ્યા ઓ બાપુજી એ સાચું
મુજ પુત્ર રોજ ગળતો તમામ કહેવું સાચું ૧૧૫

મહારાજ કોણુ એવી વળગી છે જીવ લેવા
માલુમ નથી એ પડતું બતાવો સાધુ દેવા ૧૧૬

બાવો—ઓ શેઠ સુણુ કહું છું બાધાય તેની દઉં હું
તમ ઘર તણી કો નારી તેણે કરેલું ધારી ૧૧૭

ના નામ તેનું આપુ પણ કષ્ટ એજ કાપું
જો હોય વિચાર કહેજો નિશ્ચંત થઇને રહેજો ૧૧૮

શેઠ—સુણીને શેઠ ત્યાં તો મહારાજ પાય પડીઆ
મહારાજ આજ સારા નશીએ આવી ચઢીયા ૧૧૯

ઓ બાપજી દયાથી મુજ પુત્રને જીવાડો
અતિ ઉપકાર થાશે બદલો વાળીશ સારો ૧૨૦

બાવો—બાવો વદયો ત્યાં વાણી ઓ શેઠ જુવો જાણી
રહેઠાણુ મારૂ પાદર એક વડની એધાણી ૧૨૧

તમ પુત્રની વધુને સંધ્યા સમે વિચારી
એકલી અબોલ ભેજો તે પાસ આવે મારી ૧૨૨

હું મંત્રી જળ આપું તમ પુત્ર કષ્ટ કાપુ
સંભાળી લાવે તેને ઓળો પડે ન જેને ૧૨૩

નહિ તો નકામુ થાશે તમ પુત્ર જીવ જાશે
માટે સમજાવી વહુને ભેજો એ સચુ કહુને ૧૨૪

ના વહેમ કોઈ રાખો નહિ તો બધુય બગડે
દીન આઠ પાવું પડશે તો દહં પાછુ પડશે ૧૨૫

શેઠ—સુણીને શેઠ બોલ્યા મહારાજ એજ સ્હેલું
મુજ પુત્ર સાજો થાશે તો આવશે એ પહેલું ૧૨૬
શીરપાવ સારો દઈશું મહારાજ પુત્ર ઉઠે
સઘળી એ જાય બાજી કદાપી દૈવ ત્રુઠે ૧૨૭

બાવો—સુણીને બાવો બોલ્યા આ શેઠ શું એ બોલ્યો
શીરપાવ દેઈ સારો શું ભાર મુજ તોલ્યો ૧૨૮
સાધુ કદાપી મરતાં પૈસો ગ્રહે ન કરમાં
દુઃખો વેઠે એ વનમાં કદી રહે ન ઘરમાં ૧૨૯
છે બેન માત જેવી સ્ત્રી જાત આખા જગની
મરતાંય યોગી મનમાં વાતો કરે ન ભગની ૧૩૦
માટે ન શેઠ મારે પૈસો ન એકે જોઈએ
પરમાર્થ કામ મારે કરવું બતાવ્યું કોઈએ ૧૩૧

કર્તા—તે કહીને એવું ચાલ્યા બાવોજી ભાર મૂકી
સતીનાં સાસુ સસરો ગયાં છે ભાન ચુકી ૧૩૨

સસરો—સતી બોલાવી પાસે કહ્યું તહાં ખુલાશે
કહોને સાચુ ગોરી તમોથી ત્યાં જવાશે ૧૩૩
સાધુ છે સત્વગુણી ન આવે આંચ ઉની
પતિ તમારો જીવે ન કરશો ઉની કુની ૧૩૪

સતી—સતિએ વાત સુણી શોકે ભરાઈ ત્યારે
રે હાય. કેમ કરવું વગર મહોતે મરવું ૧૩૫

સંધ્યા સમેય જાવું એકાંત વેળા ત્યાંહી
અબળા એકેલી હું છું ન બેલી મુજ ત્યાંહી ૧૩૬
માટે ઓ સાસુ સસરા સંગાથ કોઇ હોશે
તો જઇશ સાધુ પાસે પતિ જીવ્યાની આશે ૧૩૭
સાસુ—સાસુ વદી સપાટે ઓ રાંડ આ શું બોલે
પડશે જવુંજ તારે નાહક નકામું બોલે ૧૩૮
ત્યાં જાય જીવ તારો પરવા ન તેની મારી
ચાહે તે ભોગે ત્યાંથી જળની લઇ આવ ઝારી ૧૩૯
સતી—સતિએ વિચાર્યું મનમાં હું ના કહીશ આંહિ
તેને તો માર મારે પડશે જવુંજ ત્યાંહિ ૧૪૦
દીનેશ ઇશ મારો કરજે બચાવ સારો
કરજે શીયળ રક્ષા લેજે તું પ્રાણ મારો ૧૪૧
અનાથ હાથ જોડી ઓ નાથ તુંને કહે છે
શીયળ ન ભ્રષ્ટ કરજે તથાપિ પ્રાણ હરજે ૧૪૨
પતિ થવાને સાજા લીધી છે આજ બાધા
તે ઇશ પાર પાડે સંકટ પડેલાં આડે ૧૪૩
કર્તા—કરતી વિલાપ આવા તૈયાર થાતી જાવા
સંધ્યા પડી છે જ્યારે વસ્ત્રો સજતા છે ત્યારે ૧૪૪
આંખેથી આંસુ ધારો વરસી રહી ચોધારે
તીમીર ઘોર જામ્યું તવ નીકળી તે બહારે ૧૪૫

ઘુંઘટ ઘણેરો તાણી મનમાં ધરી એ ધાણી
ઘટસ્ફૂટ બધુંય જાણી બીકે વદે ન વાણી ૧૪૬
પ્રીય વાંચકો આ મારી પીડાય ત્યાં શી હારા
ઝળાઝળકર તેતો અવર જાગ માંહિ છે તો ૧૪૭

શ્રી લક્ષ્મીવિજય પ્રી. પ્રેસ (બ્રાન્ચ) માં દેસાઇ રાયચંદ છગનલાલે
છાપી. નગરશેઠ માર્કીટ રતનપોળ—અમદાવાદ.